દાદા ભગવાન પરિવારનું

ઓક્ટોબર ૨૦૧૮

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ




Invite your friend for JJ 111

## ફરિયાદ વિનાનું જીવન

# ફરિયાદ વિનાનું જીવન

## સંપાદકીય

બાળમિત્રો,

ફરિયાદ એટલે આપણી ભાષામાં કહીએ તો કમ્પલેઈન. આણે મને માર્યું, આણે મારી પેન્સિલ લઈ લીધી, મમ્મી પપ્પા મને ફરવા નથી લઈ જતા, ટીચર બહુ ગુસ્સાવાળા છે વગેરે વગેરે...આપણી ફરિયાદોનો અંત જ નથી આવતો. ક્યારે વિચાર્યું છે કે એવું તે શું દુઃખ પડી ગયું છે કે આપણે ફરિયાદો કર કર કરીએ છીએ?

ફરિયાદો કેમ થતી હશે? કોણ કરાવતું હશે? એના પરિણામો શું? ફરિયાદો બંધ કેવી રીતે થાય? આ તમામ મૂંઝવણોના ફોડ આ અંકમાં અપાયા છે.

મિત્રો, જો તમારે ફરિયાદ વિનાનું જીવન જીવવું હોય તો આ અંક ખાસ વાંચજો અને નક્કી કરજો કે રોજ મારે એક ફરિયાદમાંથી મુક્ત થવું છે. આ અંક તમને એમાં ચોક્કસ હેલ્પ કરશે.

-ડિમ્પલ મહેતા


અક્રમ એક્સપ્રેસ

Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

વર્ષ : ૧૧, અંક : ૨
સળંગ અંક : ૧૨૨
ઓક્ટોબર ૨૦૧૮



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org




લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



© 2018, Dada Bhagwan Foundation
All Rights Reserved

# જ્ઞાનીઓ કહે છે...



પૂજ્યશ્રી : ફરિયાદ વિનાનું જીવન હોતું જ નથી ને. મમ્મી મારું ભાવતું ખાવાનું બનાવતી નથી, પપ્પા મને મારી ગમતી ગેમ અપાવતા નથી. મારો ફ્રેન્ડ મારી સાથે રમતો નથી, આજે સારી ઊંઘ ન આવી, આમ કોઈ ને કોઈ ફરિયાદ ચાલુ જ હોય.


જરા દુઃખ પડ્યું ને ફરિયાદ ચાલુ થઈ જાય અથવા તો કોઈ પણ બાબતમાં અસંતોષ રહેતો હોય તો પણ ફરિયાદ ચાલુ થઈ જાય. કમ્પેરીઝન કરીને પણ ફરિયાદ ઊભી થાય છે. સ્પર્ધા પણ ફરિયાદ કરાવે છે. દા.ત. એને વધારે મળ્યું, મને ના મળ્યું.


આપણા જ દોષો આપણને ઊંધું દેખાડે છે. કષાયો આપણને ઊંધું દેખાડે એટલે પ્રોબ્લેમ ઊભા થાય છે. પછી ફરિયાદ રહે છે.

પ્રશ્નકર્તા : કોઈ કારણ ના હોય તો પણ ફરિયાદ કરવાની ટેવ પડી ગઈ હોય ને એવું લાગે.

પૂજ્યશ્રી : હા, કારણ વગર. કારણ ના હોય એટલે અસંતોષની ભૂખ. કંઈક આપણને દુઃખ પડે છે. આપણને કંઈક જોઈએ છે ને નથી મળતું એટલે આ કકળાટ છે ફરિયાદ નામની. જેને કોઈનું કંઈ જોઈતું નથી, એને કોઈના માટે ફરિયાદ જ નહીં રહે. આ તો મહીં જોઈએ છે. દાનત ખોરી છે. એટલે પછી કકળાટ થાય છે. પેલા કહે કે મારે નથી આપવું ને આ કહે કે મને જોઈએ છે, એના ઝઘડા છે. પેલા કહે કે મારે નથી આપવું તો આ કહે કે મારે કંઈ જોઈતું જ નથી, તો પછી ફરિયાદ જ નથી. શુદ્ધાત્મા અનુભવ સિવાય કાંઈ જોઈતું જ નથી એવો ધ્યેય પકડો અને જે જે જોઈએ છે એના ભાગાકાર કરો એટલે છૂટતા જઈશું.

પ્રશ્નકર્તા : ફરિયાદ કરનાર એ જ ગુનેગાર છે એ કેવી રીતે?





પૂજ્યશ્રી : બુદ્ધિ બતાડે છે કે એને વધારે ને મને ઓછું. એને આપે છે ને મને નથી આપતા. ફરિયાદ ક્યારે કહેવાય કે એમ થાય કે એને સીધા કરો. પોતે સામાને સીધો કરી શકતો નથી એટલે ફરિયાદ થાય એને માટે. પછી ન્યાય ખોળવા માટે ન્યાયધીશને પકડે કે એને સુધારો એમ કહે પછી. એણે મારી સાથે આવું કર્યું.

એને સુધારવું નથી આપણે. આપણી અણસમજણ કાઢવી છે. આપણા દોષને ચોખ્ખા કરવા છે. એનો પોઈન્ટ ઓફ વ્યુ સમજી આપણા દોષને ચોખ્ખો કરવો.

આપણે એડજસ્ટમેન્ટ બદલ્યું તો એની સાથે સોલ્યુશન આવી ગયું. પછી આપણને કોઈ ફરિયાદ પણ નહીં રહે અને દુઃખ પણ નહીં રહે એના માટે.

# આ તો નાવી

## સુખી જ થઈ જાય

ફરિયાદ વિનાનું જીવન જેનું હોય એ તો સુખી જ થઈ જાય. એ ખરેખર સુખી થવા માટે ફરિયાદ કરતો હોય છે. અને એ જ ફરિયાદ એને દુઃખ આપે પાછી.



## સહજ મિલા સો દૂધ બરાબર


સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લિયા સો પાની, ખીંચ લિયા સો રક્ત બરાબર. માટે સહેજાસહેજ મળે એ વાપરવું. બાકી કંઈ જોઈતું નથી. તો ફરિયાદ મટશે.



# જ વાત !

## બુદ્ધિ બંધ થઈ ગઈ

બુદ્ધિ છે ત્યાં સુધી ફરિયાદ છે. જેની બુદ્ધિ બંધ થઈ ગઈ એને ફરિયાદ સહેજાસહેજ બંધ થઈ જાય.



## પ્લસ માઈનસ

બળદને ચાલવું ન હોય તો એનો માલિક પાછળથી એને મારે, એટલે એને પરાણે ચાલવું પડે. મૂંગુ પ્રાણી કોને ફરિયાદ કરે ? હવે આને આવું માર ખાવાનું કેમ થયું ? કારણ કે પહેલાં બહુ ફરિયાદો કરી હતી, તેના આ પરિણામ આવ્યા. જ્યારે સત્તા હતી ત્યારે ફરિયાદો કર કર કરી. હવે સત્તા નથી એટલે ફરિયાદ વગર રહેવાનું. કુદરત બધું પ્લસ માઈનસ કરી નાખે એના કરતાં ફરિયાદી જ ના થવું શું ખોટું ?



# ગોટણં - 3

"કમ ઓન કિડ્સ! વી ડોન્ટ વોન્ટ ટુ બી લેટ ફોર ધ..."

"મોસ્ટ અમેઝિંગ શો ઈન ધ વર્લ્ડ." સુહાનાએ પ્રિયાદીદીનું વાક્ય કમ્પ્લીટ કર્યું, અને વૅનની પાછળની સીટમાં જઈને ગોઠવાઈ ગઈ.

પાંચ જ મિનિટમાં મિત, શિવાની અને શુભ પણ પોતાની બેગ-પેક્સ લઈને વૅનમાં ગોઠવાઈ ગયા. આખું વર્ષ બાળકોએ ફૅન્ટસી-લૅન્ડ થીમ પાર્કમાં જવાની રાહ જોઈ હતી.

"સમર વેકેશનમાં તમારા કઝીન્સને લઈને આપણે ચોક્કસ જઈશું," મમ્મીએ બાળકોને પ્રોમિસ આપ્યું હતું. આજે, એ દિવસ આવી ગયો હતો. બધા જ બાળકોનું એક્સાઈટમેન્ટ લેવલ ટોચ પર હતું.



બધાં જ, સિવાય એક. વિક્કીને વૅન સુધી લાવતા તો પ્રિયા દીદીને પરસેવો છૂટી ગયો.

"આટલું વહેલું જવાનું કોણે નક્કી કર્યું ? સચ એ સ્ટુપીડ આઈડિયા ઈટ ઈસ. અને આજે દૂધ કેટલું ઠંડુ હતું. અને મારા દૂધમાં તો બોર્નવીટા પણ નહોતું." ગાડીમાં બેસી ગયા પછી પણ વિક્કીનો બબડાટ ચાલુ જ હતો.

"વિક્કી, પ્લીઝ. તારી કમ્પ્લેઈન સાંભળવામાં કોઈને ઈન્ટરેસ્ટ નથી. તારો મૂડ સારો નથી, એટલે બધાનો મૂડ બગાડવાની જરૂર નથી." મમ્મીએ કડક શબ્દોમાં વિક્કીને કહ્યું.

મમ્મીની ટકોર સાંભળીને વિક્કીને વધારે ગુસ્સો ચડ્યો. મોઢું ફુલાવીને એ બેસી ગયો.


ગાડી શરૂ થતાં જ, સુહાના, મિત, શિવાની અને શુભે આઈ-પેડ રમવાનું શરૂ કર્યું. થોડીવાર થઈ કે વિક્કી બોલ્યો, "ઈટ્સ સો હોટ! ડેડી. એ.સી.નું ટેમ્પરેચર થોડું લો કરો."

વિક્કીની ફરિયાદોનો વાયરો ધીરે ધીરે એના કઝીન્સ પર પણ વાયો.

"ઓહ નો, આઈ-પેડની બેટરી ખતમ થઈ ગઈ. શુભ, મેં તને કહ્યું હતું ને કે આઈ-પેડ ચાર્જ કરી રાખજે. કેમ ના કર્યું ? સો ઈરીસ્પોન્સીબલ." સુહાના અકળાઈ ગઈ.

"ઓહ રીયલી !! તો તેં કેમ ના કર્યું, મિસ પરફેક્ટ." શુભે સુહાનાના ચાળા પાડ્યા.

પ્રિયા દીદીએ સુહાના સામે મીઠી નજર ફેંકી. સુહાના સહેજ ભોંઠી પડી ગઈ.



"ઓહ વેલ. તમારું કન્વરસેશન સાંભળીને, નાનાજીએ કહેલી એક વાત યાદ આવી. યુ નો, એમની એ વાત મને એટલી બધી ટચ કરી ગઈ છે કે હું ક્યારેય નહીં ભૂલું. પ્રિયાદીદીએ સહેજ ઉત્કંઠા જગાવવાની કોશિશ કરી."

"કઈ વાત, દીદી?" સુહાનાએ તરત પૂછ્યું.

"નાનાજીએ એમની લાઈફમાં ફક્ત એક જ વાર ફરિયાદ કરી હતી જ્યારે એમની પાસે ચંપલ નહોતા અને ચંપલ ખરીદવા માટે પૈસા પણ નહોતા. તે દિવસે નાનાજીએ એક ખુશખુશાલ વ્યક્તિને જોઈ. અને એ વ્યક્તિ પાસે પગ નહોતા. તે દિવસ બાદ, નાનાજીએ ક્યારેય ફરિયાદ ના કરી," પ્રિયા દીદી થોડી ક્ષણો માટો થોભ્યા અને સુહાનાના ચહેરાના હાવ-ભાવ નિહાળ્યા. સુહાનાને દીદીની વાત સ્પર્શી ગઈ.

"સુહાના, આઈ-પેડની બેટરી ખતમ થઈ ગઈ તો શું થઈ ગયું? ચાલો, આપણે કોઈ બીજી ગેમ રમીએ. લેટ્સ પ્લે એટલસ. રેડી એવરીબડી?" પ્રિયા દીદીના અવાજમાં ઉત્સાહ હતો.

"સચ એ બોરિંગ ગેમ, મારે નથી રમવી," કોઈ વિક્કીને પૂછે એ પહેલાં વિક્કીએ જ પોતાનો ફેંસલો સંભળાવી દીધો. પ્રિયાદીદીએ વિક્કીને બહુ દાદ ના આપી.

પ્રિયાદીદી : ઓ.કે.....આઈ વિલ સ્ટાર્ટ ફ્રોમ 'એ' - અલાસ્કા, સુહાના, તને 'એ'

સુહાના : અલ્હાબાદ. શુભ, તને 'ડી'

શુભ : ડેન્માર્ક. મિત, તને 'કે'....

સહુને એટલસ ગેમ રમવાની મજા પડી. એક ગેમ પતી, અને બીજી શરૂ થઈ. જોત-જોતામાં ફેન્ટસી લેન્ડ આવી ગયું.

ફેન્ટસી લેન્ડની વિશાળતા અને સુંદરતા જોઈને બાળકો છક થઈ ગયા. થોડીવાર સ્તંભિત બનીને જોતાં જ રહ્યા.

"ઓ.કે., ઓ.કે. લેટ્સ નોટ વેસ્ટ ટાઈમ. પહેલાં કઈ રાઈડમાં જવું છે?" શિવાનીએ બધાને ઢંઢોળ્યા.

જ્યારે વિક્કીના ભાઈ-બહેન એક રાઈડમાંથી બીજી રાઈડમાં દોડીને જઈ રહ્યા હતા, ત્યારે વિક્કી મહાપરાણે પગ ઘસડીને જઈ રહ્યો હતો. રાઈડ્સ પાસે પહોંચીને પણ એની ફરિયાદોનું લીકેજ ચાલુ જ હતું.

"કેટલી લાંબી લાઈન છે?" "આ પાર્ક કેટલો મોટો છે, ચાલી ચાલીને થાકી ગયો." "કેટલી ગરમી છે આજે..." વગેરે વગેરે.....

ખાસું ચાલીને એક રોલર કોસ્ટ રાઈડ માટે આવ્યા, ત્યારે જ એ રાઈડ રીપેર માટે બંધ થઈ. વિક્કીનો પિત્તો ગયો. "આ શું? આપણે આવ્યા ત્યારે જ બંધ થઈ. નોન સેન્સ."

પ્રિયા દીદીએ ઈશારો કરી સહુને બીજી રાઈડમાં જવા કહ્યું.

"વિક્કી, લેટ્સ ટેક એ બ્રેક ફ્રોમ ધીસ રાઈડ્સ." કહી દીદી, વિક્કીને એક બેંચ પર લઈ ગયા. વિક્કીને બેસાડી, બંને માટે સરસ મજાનો આઈસ્ક્રીમ લઈ આવ્યા. એક કપ વિક્કીને આપી, પોતાનો કપ લઈ, એ

એની બાજુમાં ગોઠવાઈ ગયા.

"જાણે છે વિક્કી, તું આટલો સેડ કેમ રહે છે ? બી કોઝ યુ આર ઓલવેઝ લુકિંગ ફોર ધ ગોટ નંબર ૩," કહી, પ્રિયા દીદીએ આઈસ્ક્રીમ નો એક બાઈટ લીધો.

"વ્હોટ !!! વ્હોટ ઈસ ગોટ નંબર ૩ ?" વિક્કીના મોઢાના હાવ-ભાવ એટલા જ વિચિત્ર હતા, જેટલી એને વાત વિચિત્ર લાગી હતી.

"વેલ, ગોટ નંબર ૩ની વાત બહુ જ ઈન્ટ્રેસ્ટીંગ છે. એક રવિવારની બપોર હતી. તારી જ ઉંમરના બે છોકરાઓ બોર થઈ રહ્યા હતા. એમને એક ક્રેઝી આઈડીયા સૂઝ્યો. નજીકના એક ફાર્મમાંથી તેઓ ત્રણ ગોટ્સ (બકરીઓ) લઈ આવ્યા. અને એમના ઉપર નંબર પેન્ટ કર્યા. ગોટ નંબર ૧, ૨ અને ૪. આ ત્રણ ગોટ્સને તેઓ પોતાની સ્કૂલ બિલ્ડીંગમાં મૂકી આવ્યા. સોમવારે સવારે, જ્યારે બધા સ્કૂલમાં દાખલ થયા, ત્યારે દુર્ગંધથી સહુનું માથું ફાટવા લાગ્યું. તપાસ કરતા, બિલ્ડિંગમાંથી ત્રણ ગોટ્સ મળી આવી. વેલ, ગોટ ૧, ૨ અને ૪ તો મળી ગઈ હતી. પણ, ગોટ નંબર ૩નો ક્યાંય પત્તો નહોતો. બધા પરેશાન બની ગયા." " વેર ઈઝ ગોટ નં - ૩ ?" બસ, આખો દિવસ વ્યાકુળ થઈને, સહુએ ગોટ નંબર ૩ની શોધ કરી. પણ, એ તો ક્યાંય ના મળી. કારણકે ગોટ નં-૩ તો હતી જ નહીં ને.

વિક્કી, આપણી પાસે આટલું બધું હોવા છતાંય, આપણે કોઈક ગોટ નં ૩ની શોધમાં ખોવાઈ જઈએ છીએ. અને અસંતોષ અનુભવીએ છીએ. કોઈક વસ્તુની ગેરહાજરી, આટલી બધી વસ્તુઓની હાજરી કરતાં વધુ કિંમતી બની જાય છે. જે નથી એની ફરિયાદ કરવામાં આપણે એટલા દુઃખી થઈ જઈએ છીએ, કે જે આપણી પાસે છે એનું સુખ માણી જ નથી શકતા. સુખી થવા આપણે ફરિયાદ કરીએ છીએ અને એ જ ફરિયાદ આપણને દુઃખ આપે છે.

ત્યાં તો જાયન્ટ-વ્હીલ રાઈડ પરથી શિવાનીનો તીણો અવાજ સંભળાયો. "હાય દીદી, હાય વિક્કી."

પ્રિયાદીદીએ શિવાની સામે હાથ હલાવી "હાય" કહ્યું.

પછી, વિક્કીને પ્રેમથી જોઈને બોલ્યા, "તારા કઝીન્સ કેટલા હેપ્પી છે. આજે, તમને બધાને સરખા જ સંજોગો મળ્યા છે. એ સંજોગોમાં, એ લોકોએ કોઈપણ ફરિયાદ કર્યા વગર ખુશ રહેવાનું પસંદ કર્યું. શું તારે પણ એમની જેમ હેપ્પી નથી રહેવું ?"

વિક્કીને અચાનક એહસાસ થયો કે ફરિયાદો કરીને, એણે ખુશ રહેવાનો સોનેરી સમય વેડફી નાખ્યો હતો. વધુ વિલંબ કર્યા વગર એ ટટ્ટાર ઊભો થઈને બોલ્યો, "દીદી, હું જાયન્ટ વ્હીલ રાઈડમાં જાઉં છું."

આખો દિવસ મોજ-મસ્તી કર્યા બાદ, રાત્રે ઘરે પહોંચ્યા ત્યારે બધા જ થાકીને લોથ-પોથ થઈ ગયા હતા. લીફ્ટનું બટન દબાવ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે લીફ્ટ બગડી ગયેલી.

મમ્મીનો હાથ, પોતાના ખભા પર મૂકી, વિક્કી બોલ્યો, "નો પ્રોબ્લેમ મમ્મી, સીડીની રાઈડ લઈશું તો થોડી વધારે એક્સર્સાઈસ થશે."

બધા હસી પડ્યા અને પગથિયા ચઢીને ઘરે પહોંચ્યા.






# વિશાળ દ્રષ્ટિ




મિસ જિરાફના ક્લાસમાં વિદ્યાર્થીઓની ફરિયાદો સતત ચાલુ જ રહેતી.
મિસ જીરાફ, મારે આ રીંછ સાથે નથી બેસવું. કેટલી જગ્યા રોકે છે જાડિયો.
બહુ ભૂખ લાગી છે. પેટમાં ઉંદરડા બોલે છે.
રીસેસમાં શું કર્યું ? મમ્મીએ આપેલું લંચ ફરી ફેંકી દીધું ?
પણ હું શું કરું ? મને દરરોજ એકનું એક ખાવાનું નથી ભાવતું.
ઓ.કે. ઓ.કે. સાઈલેન્સ પ્લીઝ. આજે આપણે ત્યાં એક મહેમાન આવ્યા છે, મિસ્ટર કેમલ, જે આપણી સાથે મજાની વાતો કરશે.
હેલ્લો ફ્રેન્ડ્સ. હું શરૂઆત એક પ્રશ્નથી કરીશ. એમ કહો કે દુનિયા ફરવી કોને ગમે ?
બધાની આંગળીઓ ફટ દઈને ઊંચી થઈ ગઈ. વાંદરો તો કૂદી જ પડ્યો.
મારે ફરવી છે દુનિયા.
વાંદરાભાઈ. પણ શું તમને ખબર છે કે દુનિયા ફરવી હોય તો એડજસ્ટમેન્ટ લેતાં શીખવું પડે ?



જાણો છો મિત્રો, રણમાં અમને મહિનાઓ સુધી ખાવા-પીવા ન મળે. એટલે જ્યારે ખાવાનું મળે, ત્યારે અમે બરાબર ખાઈ લઈએ, અને આ હમ્પમાં સ્ટોર કરી રાખીએ.
એક અઠવાડિયું અમે પાણી વગર પણ રહી શકીએ. અમને જ્યારે પાણી મળે, ત્યારે અમે એક સાથે ૪૬ લીટર પી લઈએ.
હેં ???
હા, અમે ફરીયાદ નથી કરતાં. તો તું એમ કહે કે, મમ્મી તને ટીફિનમાં જે ખાવાનું આપે તે તારે ખાઈ લેવું જોઈએ કે નહીં?
હમ્મ.....
અને એન્ટાર્કટીકામાં શિયાળામાં તાપમાન લગભગ -૨૦ થી -૮૦ ડિગ્રી જેટલું થઈ જાય.
સાંભળતાં જ સસલાને ધ્રૂજારી છૂટી ગઈ.
ત્યારે ત્યાનાં હજારો પૅન્ગ્વિન એક ટોળામાં ઊભા રહે જેથી સૌને ઠંડીની અસર ઓછી લાગે. ધીરે ધીરે સહુ પોતાની જગ્યા બદલે અને ટોળાના મધ્યમાં જવા માટે વારા લે.
બોલો સસલાભાઈ, જો કોઈ પૅન્ગ્વિન ટોળામાં ગૂંગળામણની ફરિયાદ કરી છૂટો પડી જાય તો શું એ જીવિત રહી શકે ?



સસલું કંઈ જવાબ આપે, ત્યાં તો એને ફરી રીંછનો સહેજ ધક્કો વાગ્યો.
શું કરે છે જાડિયા. સીધો બેસ ને. આ ક્યાં ફસાઈ ગયું હું.
સસલાની ફરિયાદ તો ચાલુ જ હતી.
ચાલો, આપણે એક પ્રયોગ કરીએ. વાંદરાભાઈ, મારું એક કામ કરશો ? થોડું મીઠુ અને એક ગ્લાસમાં પાણી લઈ આવશો ?
વાંદરો તો ઠેકડો મારીને લઈ આવ્યો.
સસલાભાઈ, અહીંયા આવશો ? આટલું મીઠુ, આ પાણીના ગ્લાસમાં નાખીને પીઓ અને અમને કહો કે કેવો સ્વાદ આવે છે ?
છી.....કેટલું ખારું લાગે છે.
મિસ્ટર કેમલ, સહુને બહાર તળાવ પાસે લઈ ગયા.
હવે એટલું જ મીઠુ આ તળાવના પાણીમાં નાખો અને પછી અમને પાણીનો સ્વાદ કહો.
પાણી તો એકદમ ફ્રેશ અને મીઠું લાગે છે.




ફ્રેન્ડ્સ, જીવનમાં દુ:ખ આ મીઠા જેવું છે. દુ:ખનું પ્રમાણ તો સરખું જ રહે છે, પણ એનો સ્વાદ આપણે એને જે પાત્રમાં મૂકીએ તેના આધારે આવે છે.
જો આપણે ગ્લાસ બની, ટૂંકી દ્રષ્ટિ રાખીએ અને દુ:ખની ફરિયાદ કરીએ તો કડવાશ લાગે. પણ જો તળાવ બની, વિશાળ દ્રષ્ટિ રાખીએ તો દુ:ખની કડવાશ ના રહે.
ટૂંકી દ્રષ્ટિ ? વિશાળ દ્રષ્ટિ ? એટલે શું ?
ટૂંકી દ્રષ્ટિ હોય ત્યારે થોડું સુખ પ્રાપ્ત કરવા માટે આપણે આપણા ફ્રેન્ડને દુ:ખ આપી દઈએ અને ફરિયાદ કરી પોતે પણ દુ:ખી થઈએ.
પણ જો વિશાળ દ્રષ્ટિ હોય તો લાંબુ વિચારીએ અને એડજસ્ટમેન્ટ લઈ, ફ્રેન્ડશીપ ટકાવી રાખીએ. કોઈને દુ:ખ ના આપીએ અને પોતે પણ સુખી રહીએ.
હવે, સસલાભાઈને મિસ્ટર કેમલની વાત સમજાઈ. ધબાક દઈને એ રીંછના ખોળામાં જઈને ગોઠવાઈ ગયા અને વહાલથી કહ્યું.
હવે, તો જગ્યાની કોઈ ફાઈટ જ ના રહી ને દોસ્ત.

# ચાલો રમીએ...



મિત્રો, ચેનિલને તેની ગાડી શોધી બહાર નીકળવામાં મદદ કરો.









Srikanth bolla







# જીવંત ઉદાહરણ

એ બાળકનો જન્મ થયો ત્યારે લોકોએ માતા-પિતાને જાતજાતના કટુ વચનો કહ્યા. બાળકનો ઉછેર માતા-પિતા માટે કેટલો કપરો બની જશે તેનો એહસાસ કરાવવામાં લોકોએ કશૂંય બાકી ના રાખ્યું. પણ બાળકના માતા-પિતાએ લોકોની વાતોની પરવા કર્યા વગર ખૂબ પ્રેમથી બાળકનું જતન અને ઉછેર કર્યો.

આજે, ૨૫ વર્ષ બાદ એ યુવક દુનિયાની સામે એક પ્રેરણા સભર ઉદાહરણ બની ગયો છે. જન્મથી જ અંધ શ્રીકાંત બોલ્લા આજે ૫૦ કરોડની બોલન્ટ ઈન્ડસ્ટ્રીઝના સી.ઈ.ઓ. છે. જેમાં કામ કરનારા ૫૦ ટકા કર્મચારીઓ અપંગ છે.

શ્રીકાંતનો જન્મ એક ગરીબ પરિવારમાં થયો હતો. તેના માતા-પિતા ચોખાની ખેતી કરતા.

શ્રીકાંત જ્યારે ગામની શાળામાં દાખલ થયો ત્યારે અંધ હોવાને કારણે એની ભયંકર અવગણના થઈ. શિક્ષકો અને વિદ્યાર્થીઓના આવા આચરણથી દુભાઈને માતા-પિતાએ શ્રીકાંતનું એડમિશન બ્લાઈન્ડ સ્કૂલમાં કરાવ્યું.

ઘરથી માઈલો દૂર આવેલી બ્લાઈન્ડ સ્કૂલમાં પડતી અગવડોને ગણકાર્યા વિના, શ્રીકાંતે ઉત્સાહપૂર્વક અભ્યાસ શરૂ કર્યો. બધા જ વિષયોમાં શ્રીકાંતને સારા માર્કસ આવવા લાગ્યા. સ્પેશિયલ સ્કૂલમાં પ્રોત્સાહન મળતાં, તેઓ ચેસ અને ક્રિકેટમાં પણ ચેમ્પિયન બન્યા.

લીડ ઈન્ડિયા પ્રોજેક્ટમાં તેમને ભૂતપૂર્વ રાષ્ટ્રપિતા અબ્દુલ કલામ સાથે કામ કરવાનો મોકો પણ મળ્યો. બોર્ડની પરીક્ષામાં શ્રીકાંતે ૯૦ ટકા મેળવ્યા. પણ, અંધ હોવાને કારણે તેમને સાયન્સ સ્ટ્રીમમાં એડમિશન આપવામાં ના આવ્યું. ઘણી અરજીઓ બાદ સરકારે સાયન્સ સ્ટ્રીમમાં શ્રીકાંતનું એડમિશન મંજૂર કર્યું. શ્રીકાંતે પોતાની ક્ષમતા પુરવાર કરી. બધાં જ પાઠ્યપુસ્તકોની ઓડિયો બુક બનાવીને તેમણે સખત મહેનત કરી અને બારમા ધોરણમાં ૯૮ ટકા મેળવ્યા.

શ્રીકાંતનો સંઘર્ષ હજી ખતમ થયો નહોતો. અંધ હોવાને કારણે તેમને આઈ.આઈ.ટી.ની કોમ્પિટિટીવ પરીક્ષા આપવાની ના પાડવામાં આવી. પણ શ્રીકાંત કસોટીઓથી હારે તેમ નહોતા. તેઓ કહે છે, "એક બારણું બંધ થાય, તો બીજું ખૂલે છે. મારી જિંદગીમાં મેં આ અનુભવેલું છે."

શ્રીકાંતે અમેરિકાની એન્જિનિયરીંગ કોલેજોમાં એપ્લિકેશન મોકલી અને ત્યાંની ચાર ટોપ ઈન્સ્ટીટ્યુટમાં તેમને પ્રવેશ પણ મળ્યો. શ્રીકાંતે એમ.આઈ.ટી માં જવાનું પસંદ કર્યું.

આમ શ્રીકાંત બોલ્લા વિશ્વ પ્રસિદ્ધ એમ.આઈ.ટી (મેસેચ્યુએટ્સ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી) ના પહેલા અંધ વિદ્યાર્થી બન્યા. ત્યાંથી ગ્રેજ્યુએટ થયા બાદ અમેરિકન કોર્પોરેટ વર્લ્ડમાં જવાનો ચાન્સ હોવા છતાં તેઓ ભારત પાછા ફર્યા. તેમણે નક્કી કર્યું કે તેઓ પોતાનો વ્યવસાય શરૂ કરી, બીજા વિકલાંગોને પણ પગભર રહેવામાં મદદરૂપ બનશે.

ભારત પાછા ફરી શ્રીકાંતે ઈકોફ્રેન્ડલી પેકેજિંગ અને ઘરગથ્થુ જરૂરિયાતોની વસ્તુઓ બનાવવાનું કારખાનું શરૂ કર્યું. આજે ત્રણ રાજ્યોમાં શ્રીકાંતે સ્થાપેલી ઈન્ડસ્ટ્રીઝના નવ પ્લાન્ટ્સ છે.

અત્યાર સુધીમાં શ્રીકાંતે લગભગ ૩૦૦૦થી વધુ વિકલાંગોને શિક્ષણ અને વ્યવસાય આપવામાં સહાય કરી છે. શ્રીકાંતની કંપનીમાં મંદબુદ્ધિ, બધિર, અંધ અને અન્ય રીતે વિકલાંગ વ્યક્તિઓ પણ કામ કરે છે.


GNC પાર્ક
હેલ્લો દોસ્તો... આવતા મહીને શું આવી રહ્યું છે તમને બધાને ખબર છે ? હા, આપણા પ્યારા 'દાદા ભગવાન'નો ૧૧૧મો જન્મદિવસ!!! અને ત્યારે આપણને અગિયાર દિવસ માટે એક નવી જ દુનિયા જોવા મળશે-જોવા જેવી દુનિયા !!! એમાં છે Gnc પાર્ક. તો ચાલો હું તમને આ બાળદુનિયાની એક ટૂર કરાવું.
અદ્ભૂત ! I don't believe it!! એક એવી જગ્યા કે જ્યાં નાના અને મોટા બધા માટે કંઈક છે.
આ રસપ્રદ આઉટડોર ગેમ્સથી ભરપૂર 'ફન-ઓ-વેન્ચરસ' પાર્ક જોવાનું ચુકતા નહીં. હો ને ??
અને...બીજું શું છે ? યુવાનોને પણ રસ પડે તેવું કંઈક છે. આંખ ઉઘાડતો ઝોન
'સેલ્ફી લી ક્યા ?'

# મોજ-મજા, જલસા અને આનંદ

ઓ...હો....babies એટલે કે ૪-૭ વર્ષના બાળકો માટે ખાસ ઝોન...આવો એક મસ્તીથી ભરપૂર રાઈડ enjoy કરવા માટે...




વાઉ ! ફનથી ભરપૂર પપેટ શો !!!







અરે વાહ ! ૮ થી ૧૨ વર્ષના બાળકો માટે કંઈક ખાસ.. મોટા થવાની બહુ ઉતાવળ છે ? આવો અને મોટા લોકો જે કરે છે તે કરીએ...




આ મજેદાર એનિમેટેડ મુવીમાં ટેરીફિક ટેરીને મળીએ...

તમારા મનપસંદ ટેકનોલોજીકલ ફ્રેન્ડ મોબાઈલ ફોન વિશે થોડુ વધારે જાણો...





નવી સમજણ આપનારા Activity based sessions પણ છે.


New LEARNING

ઉડાન

ઓહ નો...એક અજાણી જગ્યામાં ફસાઈ જાઓ તો તેમાંથી બહાર નીકળવાનો રસ્તો કેવી રીતે શોધશો ?



તમારા માટે એક ખાસ દિવસ....GNC Day જે થશે ૨૩-૯-૨૦૧૮ ના અને એ અવનવી પ્રવૃત્તિઓ લઈને આવી રહ્યો છે...



ફ્રેન્ડસ...આ ચૂકવા જેવું નથી. 'જોવા જેવી દુનિયા'ની ઓપનીંગ સેરેમની

અને...ભારતમાં પહેલીવાર !!! એક નવીન આંતરરાષ્ટ્રીય પરેડ જેમાં જુદા જુદા દેશોની સંસ્કૃતિને ભવ્ય રીતે દર્શાવવમાં આવશે.





**અને હજી ઘણી...ઘણી...ઘણી... બધી Surprises**

Fancy ગુડીઝ માટે બાળવિજ્ઞાન સ્ટોરમાં આવો...અને 'લકી ડિપ'માં તમારું નસીબ અજમાઓ...અને...તમને દરેક પ્રકારનું ભાવે તેવું અને ટેસ્ટી ફૂડ મળશે...પરદેશી પણ !!!!




એમ્ફી થિયેટરમાં લાઈવ ડાન્સ અને ડ્રામા કરો અને સાથે સાથે નવા friends બનાવો.




...અને આ જ દિવસે પૂજ્ય દીપકભાઈના, સાથે સ્પેશ્યલ સત્સંગ અને પછી **Night Event** પણ માણો.



આંતરરાષ્ટ્રીય ડોમમાં દુનિયાના જુદા જુદા ભાગોમાં ત્રણ જ્ઞાનીઓએ કરેલા સત્સંગ પ્રવાસોની ઝલક.







**જે તમને દુનિયા ભૂલાવડાવી દેશે... અને તમારા friends ને પણ invite કરો આ અક્રમ એક્સપ્રેસ ભેટ આપીને...**

Akram Express

October 2018
Year : 11, Issue : 2
Conti. Issue No.: 122

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month



Dear Friend,

# I Invite You

## To see a World Worth Exploring

Where fun and frolic happens
every minute
come visit to see it...
Janma Jayanti Celebration
From : 15th to 25th Nov 2018

**At : Trimandir, Simandhar City, Ahmedabad-Kalol Highway, Dist Gandhinagar Gujarat -382421**
**http://jjd.dadabhagwan.org/**



# Don't Miss!

**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.